# પ્રજાની અપેક્ષાઓ પૂર્ણ કરવા પ્રતિબધ્ધ છીએ : પ્રધાનમંત્રી

## ચૂંટણીમાં રાજનાથ કેપ્ટન, શાહ મેન ઓફ દ મેચ : ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં મોદીનું વેધક સંબોધન

નવી દિલ્હી,તા. ૮

દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીમાં શાનદાર જીતની ક્રેડિટ રાજનાથસિંહ અને અમિત શાહને આપી હતી. મોદીએ કહ્યું હતું કે, લોકસભા ચૂંટણીમાં રાજનાથસિંહ કેપ્ટન હતા અને અમિત શાહ મેન ઓફ ધ મેચ રહ્યા છે. લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ સંગઠનના પ્રથમ રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં તમામ લોકો આજે જોડાયા હતા. લાખો કાર્યકરોની ટીમ જીત હાંસલ કરવા માટે કામે લાગેલી હતી. રાજનાથસિંહ ટીમના કેપ્ટન તરીકે હતા. તેમની કેપ્ટનશીપમાં લાખો કાર્યકરોએ જીત હાંસલ કરી છે. અમિત શાહ મેન ઓફ દ મેચ હતા. અમિત શાહ રાષ્ટ્રીય ટીમમાં ન આવ્યા હોત તો યુપીની જવાબદારી ન મળી હોત અને દેશના લોકો તેમની કુશળતાથી વાકેફ થયા ન હોત. અમિત શાહ ઉપર વિશ્વાસ મુકીને તેમને નજીકથી જોયા છે અને ઓળખે છે. પાર્ટીએ શાહને જે જવાબદારી સોંપી છે તે જવાબદારી તેઓ સફળતાપૂર્વક અદા કરશે. આજનો દિવસ અમિત શાહનો દિવસ છે. મોદીએ કહ્યું હતું કે, પહેલાથી જ તેમને જીતનો વિશ્વાસ હતો. આ ચૂંટણીમાં પોલિટિકલ પંડિતોને મોટી મુશ્કેલીઓ હતી. શરૂઆત એવી થઈ હતી કે, મોદીને ગુજરાતની બહાર કોણ ઓળખે છે. મામલાની શરૂઆત ત્યાંથી જ થઈ હતી. દેશના લોકો તેમના પરિણામને લઈને તૈયાર હતા. ૨૦૧૩ની રાષ્ટ્રીય પરિષદમાં જ્યારે તેમણે કહ્યું હતું કે, અમે ચાલીએ કે ન ચાલીએ દેશના લોકો ચાલી પડ્યા છે. ૩૦૦ સીટની વાત કરવાને લઈને તમામ લોકો નારાજ હતા. ચૂંટણી અભિયાનના પ્રથમ સપ્તાહ બાદથી ૩૦૦ બેઠકોની વાત ઉપર સાથી પક્ષો પણ ટકોર કરતા હતા. પરંતુ તેમને લાગતું હતું કે, લોકોને પણ લાગે છે કે, કોઈ માંગનાર વ્યક્તિ છે. માંગનાર વ્યક્તિમાં કેટલો દમ છે. દેશની પ્રજાએ આ વખતે ઉત્તમ દાખલો બેસાડ્યો છે. છેલ્લા બે મહિનાના અનુભવથી દાવા સાથે મોદીએ કહ્યું હતું કે, દેશના લોકોની અપેક્ષાઓને તેઓ પૂર્ણ કરવામાં સફળ




રહેશે. આવ્યા બાદ મોટા ભાગનો સમય વર્ક કલ્ચરને બદલવામાં ગયો છે. ૬૦ દિવસના ગાળામાં જ ઝડપથી ચીજો બદલાઈ રહી છે. જે લોકો ૬૦ વર્ષમાં કંઈ પણ કરી શક્યા નથી તે લોકો ૬૦ દિવસનો હિસાબ માંગી રહ્યા છે. સફળતા ટૂંક સમયમાં જ મળશે. વિશ્વમાં સ્થિતિ બદલાઈ રહી છે. મોદીએ તમામ મુદ્દાઓ ઉપર વાત કરી હતી. હિંસાઓની ઘટનાઓને ભાજપ ક્યારે પણ ચલાવી રહેશે. દેશના હિત માટે સરકાર કામ કરશે. યોગ્ય નિર્ણય લેવાઈ રહ્યા છે. ડબલ્યુટીઓ ઉપર ભારતને અલગ કરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે પરંતુ ભારતે સાવધાનીપૂર્વકની નીતિ અપનાવી છે. જે લોકો ચૂંટણીમાં ફૂડ સિક્યુરિટીની વાત કરતા રહ્યા છે તે લોકો ડબલ્યુટીઓમાં એવા બિલ ઉપર હસ્તાક્ષર કરી ચુક્યા છે કે ગરીબ લોકોને ભોજનની વ્યવસ્થા ન થાય. અમારા માટે પાર્ટી કરતા દેશો મોટો છે.

દેશના હિતમાં દરેક પગલા લેવામાં આવશે. બાળકોના શિક્ષણ, પાણી બચત સહિતના મુદ્દા પર આગળ વધવાની જરૂર છે. નવી સરકાર બન્યા બાદ લોકોનું વલણ દેશ પ્રત્યે બદલાયું છે. પરિવર્તન લાવવામાં આમે સફળ રહીશું. લોકો તેમની જવાબદારી અદા કરી ચુક્યા છે. હવે અમને જવાબદારી અદા કરવાનો સમય આવ્યો છે.

### ૨૦૧૪માં ૨૦૦૦ રન કરનાર પ્રથમ બેટ્સમેન

## સંગાકારાએ રાહુલ દ્રવિડના ૩૬ સદીના રેકોર્ડને તોડ્યો

ગોલ,તા. ૯

શ્રીલંકાના સ્ટાર બેટ્સમેન કુમાર સંગાકારાએ એકપછી એક નવી સિદ્ધી મેળવી લેવાની દિશામાં આગેકુચ જારી રાખી છે. સંગાકારાએ વર્ષ ૨૦૧૪માં ૨૦૦૦ પૂર્ણ કરીને વધુ એક સિદ્ધી મેળવી છે. તે વર્ષ ૨૦૧૪માં ૨૦૦૦ રન પૂર્ણ કરનાર પ્રથમ બેટ્સમેન રહ્યો છે. સંગાકારાએ હવે ભારતના સ્ટાર બેટ્સમેન રાહુલ દ્રવિડના ૩૬ સદીના રેકોર્ડને પણ તોડી ચુક્યો છે. તે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં હવે ૩૭ સદી કરી ચુક્યો છે. તેના ફોર્મને જોતા તે હજુ થોડાક સમય સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે રમે તેવી શક્યતા છે. કુમાર સંગાકારાએ પાકિસ્તાન સામે ગાલે ટેસ્ટમાં કેટલાક રેકોર્ડ સર્જવામાં સફળ રહ્યો હતો. તે પાકિસ્તાન સામે ૧૦ ટેસ્ટ સદી ફટકારનાર પણ પ્રથમ



બેટ્સમેન બની ગયો હતો. તે કેરિયરમાં હવે ૩૭ સદી કરી ચુક્યો છે. તેનાતી વધારે સદી કરનાર બેટ્સમેનમાં હવે માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકર(૫૧), જેક કાલિસ (૪૫) અને રિકી પોન્ટિંગ (૪૧)નો સમાવેશ થાય છે. ડાબેરી બેટ્સમેન સંગાકારાએ આ વર્ષે હજુ સુધી નવ ટેસ્ટમાં ૧૨૧૦ રન, ૧૫ વન ડેમાં ૬૯૦ રન બનાવ્યા છે. આઠ ટી-૨૦ મેચોમાં ૧૧૯ રન બનાવી ચુક્યો છે. આઈસીસી ૨૦ કપ બાદ તો ૨૦ ક્રિકેટમાંથી નિવૃત થઈ ચુક્યો છે. સંગાકારાએ વર્ષ ૨૦૦૪, ૨૦૦૬, ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૨માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૦૦૦તી વધારે રન કર્યા હતા. વર્ષ ૨૦૦૬માં તે ૨૬૦૯ રન બનાવી ગયો હતો. કોઈ એક કેલેન્ડર વર્ષમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધારે રન બનાવવાનો રેકોર્ડ પોન્ટિંગના નામે છે.

### શિરડી ન જવા શંકરાચાર્યની મોદીને સલાહ

## શિરડીની સુચિત યાત્રા અંગે વડાપ્રધાન મોદીને ચેતવણી

નવી દિલ્હી,તા. ૯

વિશ્વ પ્રસિદ્ધ સાઈ બાબા અંગે તેમની વિવાદાસ્પદ ટિપ્પણીના કારણે પહેલાથી જ નારાજગીનો સામનો કરી રહેલા દ્વારકાપીઠના શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીએ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શિરડીની મુલાકાત ન લેવાની ચેતવણી આપી છે.તેમણે શિરડીની સુચિત યાત્રાથી શુ થઈ શકે તેની વાત પણ કરી છે. શિરડીની મુલાકાત રદ કરવાની મોદીને અપીલ કરીને તેમણે કહ્યું છે કે જો તેઓ મુલાકાત લેશે તો દેવી દેવતા દ્વારા અપાયેલા રક્ષણને તેઓ ગુમાવી શકે છે. તેમણે કહ્યું છે કે મોદી શિરડી સાથે તેમના નામને જોડે તેમાં તેમને કોઈ વાંધો નથી પરંતુ એવી દહેશત વ્યક્ત કરી છે કે જે વ્યક્તિ ગોલ ટોપી પહેરવાનો ઈન્કાર કરી ચુકી છે તે એક કબર પર કઈ રીતે જઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સિવ સેનાના એક સાંસદે મોદીને સાઈં મંદિરની મુલાકાત લેવા માટે શિરડી આવવા આમંત્રણ આપ્યું છે. બીજી બાજુ એવા અહેવાલ પણ છે કે મોદી આ આમંત્રણ સ્વીકારી ચુક્યા છે. દરમિયાન મધ્યપ્રદેશમાં સ્થાનિક કોર્ટે શિરડીના સાંઈ બાબાના સંબંધમાં વિવાદાસ્પદ નિવેદન કરવા બદલ શુક્રવારે શંકરાચાર્યને સમન્સ આપ્યુ હતુ.

એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દિપક કુમાર દ્વારા તેમને નવેસરનુ સમન્સ જારી કર્યું છે. ૨૦મી સપ્ટેમ્બરના દિવસે તેમને કોર્ટમાં હાજર રહેલા માટેનો આદેશ કરવામાં આવ્યો છે.ફરિયાદી રાજેશ દ્વારા કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. ૧૯મી સદીના સંત સાંઈ બાબા ભગવાન ન હતા તેવી વાત કરીને શંકરાચાર્યે ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડી છે.શંકરાચાર્યે સાંઈ બાબાની પુજા ન કરવા માટે પણ કહ્યું હતુ.

## રેલવે ટિકિટ હવે ઘરની નજીકથી ખરીદી શકાશે

નવીદિલ્હી,તા. ૯

ટ્રેનમાં વારંવાર મુસાફરી કરતા સામાન્ય લોકો માટે ખુબ સારા સમાચાર છે. કારણ કે હવે રેલવે ટિકિટ ઘરના નજીકથી જ ખરીદી શકાશે. રેલવે દ્વારા રિઝર્વેશન કાઉન્ટર ખોલવા માટે પ્રાઈવેટ ભાગીદારીને મંજુરી આપી દીધી છે. આ ભાગીદારી હેઠળ પાંચ વર્ષથી વધુ સમયથી રેલવે એજન્ટનું કામ કરી રહેલા લોકો રિઝર્વેશન ટિકિટ કાઉન્ટર ખોલી શકશે. ભારતીય રેલવેએ આના માટેના સત્તાવાર આદેશ જારી કરી દીધા છે. આને યાત્રી ટિકિટ સુવિધા કેન્દ્ર નામ આપવામાં આવ્યું છે. અલબત્ત હજુ સુધી આ પ્રકારથી પ્રાઈવેટ એજન્ટોને બિનરિઝર્વ ટિકિટ જારી કરવાના અધિકાર આપવામાં આવ્યા હતા પરંતુ રિઝર્વ ટિકિટ જારી કરવાના અધિકાર આ એજન્ટોને આપવામાં આવ્યા ન હતા. જો કે કેટલાક લોકો પોતાના કોમ્પ્યુટરથી આઈઆરસીટીસીની વેબસાઈટ મારફતે લોકોને ટિકિટ બુક કરાવીને આપતા હતા. પરંતુ આ ટિકિટ ઈલેક્ટ્રોનિક ટિકિટ રહેતી હતી. જો વેઈટિંગમાં ટિકિટ કન્ફર્મ ન થાય તો આવા ટિકિટ રદ થઈ જતાં હતા. રેલવેના અધિકારીઓના જણાવ્યા મુજબ હવે એજન્ટોને આ અધિકાર મળી ગયા બાદ તેમને રેલવેની વ્યવસ્થાની જ સેવા મળશે. જે રીતે રેલવેના ટિકિટ કાઉન્ટરથી પેસેન્જર ટિકિટ મેળવે છે તેવી જ રીતે ટિકિટ એજન્ટ પોતાના કાઉન્ટર ઉપરથી આવી ટિકિટ આપી શકશે. આનો સીધો ફાયદો એ થશે કે, હજુ સુધી રેલવે ટિકિટ રિઝર્વ કરાવવા માટે યાત્રીઓને રેલવે સ્ટેશન અથવા તો રેલવેના નક્કી કરવામાં આવેલા કાઉન્ટરો ઉપર જવાની જરૂર રહેતી હતી. લોકોને લાંબી લાઈનોમાં લાગવાની ફરજ પડતી હતી. રેલવે એજન્ટ દરેક ક્ષેત્રમાં છે જેથી તેઓ ત્યાં જ કાઉન્ટર બનાવી શકશે.

આ એજન્ટો પણ એજ સમયથી ટિકિટ આપી શકશે જે સમયે રેલવેના કાઉન્ટરો ખુલે છે. કાઉન્ટર માટે કોમ્પ્યુટર સિસ્ટમ રેલવે દ્વારા જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. રેલવે એજન્ટને કેટલીક શરતો પાળવી પડશે. સિક્યુરિટી ડિપોઝિટ જમા કરવી પડશે. જરૂર પડવાની સ્થિતિમાં આ એજન્ટ ટિકિટ રદ પણ કરી શકશે.

## ઓરિસ્સામાં પુરની સ્થિતીમાં સુધારો

ઈભુવનેશ્વર,તા. ૯

ઓરિસ્સામાં પુરની સ્થિતીમાં હવે ઉલ્લેખનીય સુધારો થયો છે. જો કે મોતનો આંકડો વધીને ૩૮ ઉપર પહોંચી ગયો છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી છે. રાજ્યની મોટા ભાગની નદીઓમાં પાણીની સપાટી હવે ભયજનક સ્તરતી નીચે આવી જતા સ્થિતીમાં સુધારો થયો છે. જો કે હજારો લોકો હજુ પણ રાહત કેમ્પમાં રહે છે. કારણ કે તેમના મકાનો પાણીમાં ડુબી ગયા છે અથવા તો તેમના મકાનો પુરના કારણે નાશ પામ્યા છે. રાજ્યના ૩૦ જિલ્લાઓ પૈકી ૨૩ જિલ્લામાં પુરની સ્થિતી ઉભી થઈ હતી. ૨૮૧ ગામોના ૧.૬ લાખ લોકો હજુ અસર હેઠળ છે. પુરના કારણે ૨.૪ મિલિયન હેક્ટર વિસ્તારમા પાકને નુકસાન થયું છે. પુરના કારણે અસર પામેલા લોકો માટે ૨૧૦ મફત રસોડા ચલાવવામાં આવી રહ્યા છે. ૭૩૦૦૦ લોકોને મફત ભોજનની સુવિધા આપવામાં આવી રહી છે. વરસાદ અને પુરન કારણે ૨૩૬૨૬ મકાનો નાશ પામ્યા છે. કટક, જાજપુર, કેન્દ્રપાડા, ભાદરક અને પુરી જિલ્લામાં પુરગ્રસ્ત વિસ્તારોનુ હવાઈ નિરીક્ષણ કરી ચુકેલા મુખ્યપ્રધાન નવીન પટનાઈકે કહ્યું છે કે સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થયો છે.ટુંક સમયમાં જનજીવન સામાન્ય બનશે તેવી આશા પટનાઈકે વ્યક્ત કરી છે. ભારે વરસાદ બાદ હાલમાં જ ૨૩ જિલ્લાઓમાં ૮૯ બ્લોકના ૧૫૫૩ જેટલા ગામોમાં ૯.૯૫ લાખ લોકો પૂરના કારણે સંકંજામાં આવી ગયા હતા. હવે સ્થિતીમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. મહાનંદી નદીના ડેલ્ટા પ્રદેશમાં પૂરનું પાણી ફરી વળ્યું હતુ. મહાનંદી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ હતી. જેથી હાલત કફોડી બની હતી. આની સાથે મોતનો આંકડો વધીને ૩૮ પર પહોંચી ગયો છે. તણાઈ જવાના કારણે અને દિવાલ ધસી પડવાના કારણે મોટાભાગના લોકોના મોત થયા છે. મહાનંદીમાં પુરના ખતરાને ધ્યાનામાં લઈને સાવધાનીના તમામ પગલાઓ લેવામાં આવ્યા હતા.ઓરિસ્સામાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિ બાદ કેન્દ્ર સરકાર દ્વારા પણ પૂરતી મદદ કરવાની તૈયારી દર્શાવી હતી.હજારો ગામોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.પુરની સ્થિતીમાં સુધારો થયો હોવા છતાં હવે રોગચાળો ફાટી નિકળવાની દહેશત ઉભી થઈ ગઈ છે. કારણ કે નીચાણવાળા વિસ્તારોમાં હજુ પાણી ભરાયેલા છે. જેથી તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. લોકોને પણ સાવધાન કરવામાં આવી રહ્યા છે. આગામી દિવસો કોર્પોરેશન માટે ભારે પડકારરૂપ રહી શકે છે.



પતિયાલાની એક સ્કૂલની બાળાઓએ દેશના જવાનોના હાથે રાખડી બાંધી તેમની સુરક્ષા અને દિર્ઘાયુ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.




કોમનવેલ્થ ગેઈમ્સમાં સ્કવોશની રમતમાં સુવર્ણ ચંદ્રક મેળવી ભારતનું નામ રોશન કરનાર ખેલાડી દિપિકા પિલ્લીકાલ અને જોશના ચિનપ્પાનું નવી દિલ્હી ખાતે એક સમારંભમાં ખેલ મંત્રી સરબનંદા સોનોવાલ અને ક્રિકેટ લીજેન્ડ સચિન તેંડુલકર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## લાલ કિલ્લા પર મોદીના ભાષણને લઈને ઉત્સુકતા

નવી દિલ્હી,તા. ૯

સ્વતંત્રતા દિવસના પ્રસંગે વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના પ્રથમ ઐતિહાસિક સંબોધનને લઈને લોકોમાં ભારે ઉત્સુકતા છે. મોદીને લાલ કિલ્લા પરથી સાંભળવા માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. મોદીના ભાષણની તૈયારી ચાલી રહી છે. બીજી બાજુ સ્વંતત્રતા દિવસની ઉજવણીને લઈને દિલ્હીમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. પ્રાપ્ત્ હેવાલ મુજબ મોદી જ્યારે ભાષણ કરશે ત્યારે આશરે ૧૦૦૦૦ લોકો હાજર રહેશે. સ્વતંત્રતા દિવસને લઈને દિલ્હી પરિવહન નિગમ દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ડીટીસીએ નિર્ણય કર્યો છે કે ૧૫મી ઓગષ્ટે સવારે ૭ વાગ્યાથી સવારે ૧૦ વાગ્યા સુધી પોતાની બસ મફતમાં આપશે. આનો મતલબ એ થયો કે યાત્રી મફતમાં આ ગાળા દરમિયાન ફરી શકશે. મોગલ કાળ દરમિયાન બનેલા લાલ કિલ્લાની સામે આશરે ૧૦,૦૦૦ લોકોની બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વતંત્રતા દિવસના પ્રસંગે સામાન્ય લોકોને ખુલ્લી જગ્યાએ બેસાડવામાં આવે છે. તેમની બાજુમાં સ્કુલી બાળકો રહે છે. પુરતી તૈયારી કરવામાં આવી રહી છે. લોકોને લાવવા માટે લાલ કિલ્લાની આસપાસ બસની સેવા વધારવામાં આવશે. લોકોને સરળતાથી બસ મળે તેવી વ્યવસ્થા ગોઠવાવામાં આવી રહી છે. સ્વતંત્રતા દિવસે કાર્યક્રમમાં ભાગ લેવા માટે આવી રહેલા લોકોને પોતાની સાથે મોબાઈલ, કેમરા, દુરબીન, બેંગ, બ્રિફકેસ, સિગારેટ, લાઈટર, ટિફિન બોક્સ, પાણીની બોટલ, લંચ બોક્સ સાથે ન લાવવા માટે સુચના આપવામાં આવી છે. આ તમામ લોકોને કઠોર ચકાસણીમાંથી પસાર થવુ પડશે. ટુંકમાં પહેલાથી જ યોજાન તૈયાર કરી લેવામાં આવી છે. સ્વંતત્રતા દિવસે કોઈ અવ્યવસ્થા ન સર્જાય તેવા પગલા લેવામાં આવી રહ્યા છે. મોદીના ઐતિહાસિક સંબોધન પર ભારતીય લોકોની જ નહી બલ્કે વિશ્વની નજર રહેશે.

## સમાચાર ઝલક

- કાળા નાણાં માટે સરકારે સીટ બનાવી છે અને કડક પગલાં લેવાના શરૂ.
- ઉત્તરપ્રદેશમાં ધર્મ પરિવર્તનના પુરાવા પોલીસને મળતા નથી.
- કાશ્મીર સરહદે પાકિસ્તાનનો ગોળીબાર કરી સરહદભંગ કરાયો.
- વિરમગામ પાસે અકસ્માતમાં પાંચ યુવાનોના કરૂણ મોત.
- અમદાવાદ એરપોર્ટ પર પક્ષી સાથે વિમાન અથડાયું.
- ભાવનગરમાં ૯ વર્ષના વિદ્યાર્થીનું અપહરણ કરાયું.
- સ્વાતંત્ર્ય દિને અટલ બિહારી બાજપાઈને ભારતરત્ન એવોર્ડ મળવાની શક્યતા.
- રાજસ્થાનમાં ભારે વરસાદથી નદીઓમાં પૂર તથા તંત્ર એલર્ટ.
- અમેરિકન બૉંબમારાથી ઈરાકમાં ૪૫ આતંકવાદીઓના મોત.
- વાપીમાં ૩ વિદ્યાર્થીઓ ભાગી ગયા હતા તે પરત આવી ગયા.
- ભાજપમાં સામાન્ય કાર્યકર પણ પક્ષ પ્રમુખ બની શકે છે : શ્રી અમિતભાઈ શાહ.
- ગાંધીનગરમાંથી અપહરણ થયેલ યુવકને રાજકોટ પોલીસે મુકત કરાવ્યો.
- મુંબઈમાં દહીં હાંડીની પ્રેકટીસમાં ૧૪ વર્ષના બાળકનું મોત.
- લુણાવાડામાં કપિરાજનો ભારે આંતક- ૬ ને ઈજાઓ ૩ ની હાલત ગંભીર.

### પુંચ જિલ્લામાં બીજી સેક્ટરમાં ગોળીબાર

## પાકિસ્તાનની સેના દ્વારા ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ


જમ્મુ,તા. ૯

પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામનો ભંગ કરવાનો સિલસિલો જારી રાખ્યો છે. ગઈકાલે મોડી રાત્રે પાકિસ્તાની સેનાએ જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લામાં બીજી સેક્ટર ખાતે ગોળીબાર કર્યો હતો. જો કે આમાં કોઈ ખુવારી થઈ ન હતી. શુક્રવારે મોડી ારાત્રે ૧૦.૩૦ વાગે પાકિસ્તાને ગોળીબાર શરૂ કર્યો હતો. જે સવાર સુધી ાજારી રહ્યો હતો. પાકિસ્તાની સેનાએ અર્ધ ઓટોમેટિક અને ઓટોમેટિક હથિયારો દ્વારા ગોળીબાર કર્યો હતો. ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કરવામાં આવ્યા બાદ સ્થિતી તંગ બની ગઈ હતી. ભારત સરકારે સર્વોચ્ચ સ્તરે રજૂઆત કરી હોવા છતાં યુદ્ધવિરામનો ભંગ પાકિસ્તાને જારી રાખ્યો છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારના જવાબમાં ભારતીય જવાનોએ પણ કાર્યાવાહી કરી હતી. ગોળીબારને લઈને ભારતે અનેક વખત જોરાદર વિરોધ કર્યો છે. ૨૬મી મેના દિવસે નરેન્દ્ર મોદી સરકારે સત્તા સંભાળી લીધા બાદ પણ પાકિસ્તાની સેનાએ ૨૦૦૩માં કરવામાં આવેલી યુદ્ધવિરામની સમજુતીનો ૧૯ વખત ભંગ કર્યો છે. જમ્મુ કાશ્મીરની બે દિવસની મુલાકાત દરમિયાન સંરક્ષણ પ્રધાન અરૂણ જેટલીએ કહ્યું હતું કે સરહદ પારથી ગોળીબાર રોકવામાં આવે તે જરૂરી છે. વિશ્વાસ નિર્માણના પગલાની દિશામાં આગળ વધતા પહેલા યુદ્ધવિરામનો ભંગ અટકે તેવી માંગ કરી હતી.

## જશવંતસિંહને મળવા મનમોહનસિંહ પહોંચ્યા

નવી દિલ્હી,તા.૯

ભાજપના ભૂતપૂર્વ નેતા જશવંતસિંહની હાલત હજુપણ ગંભીર બનેલી છે. તેમના નિવાસસ્થાને માથામાં ગંભીર ઈજા થયા બાદ તેઓ કોમામાં જતા રહ્યા છે. તેમને આર્મી રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલમાં રાખવામાં આવ્યા છે. હાલ તેઓ ઈન્ટેન્સીવ કેર યુનિટમાં લાઈફ સપોર્ટ સિસ્ટમ ઉપર તેમને રાખવામાં આવ્યા છે. દરમિયાન ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ આજે તેમની આરોગ્ય અંગે માહિતી મેળવવા આર એન્ડ આર હોસ્પિટલમાં પહોંચ્યા હતા. ભૂતપૂર્વ સંરક્ષણપ્રધાન



જે હાલ ભારતની મુલાકાતે છે. તેમણે કહ્યું હતું કે, જશવંતસિંહે બંને દેશો વચ્ચેના સંબંધોને નવી દિશા આપી હતી. ભારતના અગ્રણી સૈનિક પૈકીના એક તરીકે જશવંતસિંહ રહ્યા છે. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમના પરિવારના સભ્યો સાથે ફોન પર વાતચીત કરી હતી. શરદ પવાર, રાજનાથસિંહ અને મુલાયમસિંહ પણ મળી ચુક્યા છે. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પણ હોસ્પિટલની મુલાકાત લઈને તેમની તબીયત અંગે માહિતી મેળવી હતી.